# રેતી ચોરી ડામવા પોલીસ અને તંત્રના અધિકારીઓ સંયુક્ત ઓપરેશન હાથ ધરશે

## કાયદો અને વ્યવસ્થાની બેઠકમાં કલેક્ટરે સૂચના આપી

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા રેતી ચોરીના બનાવો અટકાવવા કાયદો અને વ્યવસ્થાની બેઠકમાં જિલ્લા કલેક્ટરે જિલ્લા પોલીસતંત્ર અને સંબંધિત અધિકારીઓને સંયુક્ત ઓપરેશન હાથ ધરવા સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં નગરને અડીને આવેલા ઈન્દ્રોડા નજીકના સાબરમતી પટમાંથી રેતી ચોરીના કિસ્સાઓ અટકાવવા અસરકારક પગલા લેવા સૂચના આપવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે આ રેતી ચોરીના બનાવો અટકાવવા પોલીસ અને સંબંધિત અધિકારીશ્રીઓને એક સંયુક્ત ઓપરેશન હાથ ધરવા સૂચના આપી હતી. રેત ચોરીમાં સંકડાયેલા તમામ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. સંબંધિત પાટનગર યોજના ભવનના વિભાગને ટ્રેક્ટર કે ટ્રક જે રસ્તે સાબરમતીના પટમાં આવે છે અને પુલ નજીકની રેતી ચોરીને પુલને નુકશાન કરે છે. આમ બનતું ટકાવવા તાર ફેન્સીંગનું કામ ઝડપભેર કરવા તાકીદ કરી હતી. તે ઉપરાંત ટુંકા ગાળામાં ગાંધીનગરનો ખ રોડ ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવા જણાવ્યું હતું. મહાત્મા મંદિર નજીક એક કાયમી પોલીસ તંબુ ઉભું કરીને ત્યાં રાઉન્ડ ધ ક્લોક સુરક્ષા કર્મીઓ ફરજ બજાવે તેવી વ્યવસ્થા કરવા ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડાને સૂચના આપી હતી.

તે ઉપરાંત ગાંધીનગર શહેર સહિત જિલ્લાના કોમ્પ્લેક્ષની બહાર વોચ રાખવા માટે સીસી ટીવી કેમેરા લગાવવા કોમ્પ્લેક્ષના માલિકોને સૂચના આપવા સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. તે સિવાય આર.ટી.ઓ. કચેરી અને ટ્રાફિક પોલીસે સંયુક્ત રીતે ટ્રાફિકના નિયમો અંગે શાળા-કોલેજના વિદ્યાર્થીઓણાં લોક જાગૃતિ લાવવા એક ઝુંબેશ શરૂ કરવા જણાવ્યું હતું. આ ઝુંબેશ નવા સત્રથી સુચારૂ આયોજન કરીને શરૂ કરવા પણ ખાસ ભારપૂર્વક કહ્યું હતું.

## મેન્ટલી ચેલેન્જ બાળકોએ બનાવેલી કલાત્મક ચીજવસ્તુઓનું પ્રદર્શન

'મેન્ટલી ચેલેન્જ' બાળકોના સર્વાંગી વિકાસના ઉમદા ધ્યેય સાથે કાર્યરત હેત ફાઉન્ડેશન દ્વારા તા. ૨૦ મે ના રોજ સે. ૫-ડી સૌરઠ કારડીયા રાજપૂત સમાજ સંચાલિત પ્રાથમિક શાળા ખાતે સવારે ૮.૩૦ કલાકે એક પ્રદર્શન યોજવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં 'મેન્ટલી ચેલેન્જ' બાળકો દ્વારા બનાવાયેલ ડેકોરેટીવ પોર્ટ, ટી શર્ટ, કાર્ડસ સહિતની કલાત્મક ચીજવસ્તુઓ મુકવામાં આવશે. બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડવા સંસ્થાના પ્રમુખ મીરા ગઢવીએ નગરજનોને અપીલ કરી છે.

# ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા જાગરૂક્તા શિબિર ગાંધીનગર ખાતે યોજાઈ



ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આજરોજ ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશના ચેરમેન શ્રી ઝવેરભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને જાગરૂકતા શિબિરનું આયોજન, ડો. આંબેડકર ભવન,સેકટર- ૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ગરીબી રેખા હેઠળ જીવતા અનુસુચીત જાતિના વ્યક્તિઓના સર્વાંગી વિકાસ માટે આ કોર્પોરેશન દ્વારા વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. આજરોજ ગાંધીનગર ખાતે અનુસુચિત જાતિના વ્યક્તિઓમાં વિવિધ યોજનાઓનો -ચાર અને -સાર થાય તેવા ઉમદા હુતુથી જાગૃતતા શિબિરનું ફ્રોજાઈ હતી. જેમાં ઉપસથિત સર્વને બૅન્કેબલ યોજના, એન.એચ. એફ.ડી.સી. સહાયિત સીધા ધીરાણની યોજના માનવ ગરિમા યોજના, શૈક્ષણિક લોન યોજન, તાલીમ યોજના અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

આજના કાર્યક્રમમાં ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશના ચેરમેન શ્રી ઝવેરભાઈ ચાવડાના હસ્તે ૨૪૪ લાભાર્થીઓને રૂપિયા ૪૯૨૬૦૦૦ ની રકમની સાધન -સહાયનું વિતરણ કરવામાં આવ્યુહતું જેમાં સીધુ ધિરાણ યોજના હેઠળ ૧૪૦ લાભાર્થીઓને ૪૨ લાખની, ગરિમા યોજના હેઠળ ૫૬ લાભાર્થીઓને ૨,૫૨,૦૦૦ અને બૅંકેબલ સહાય યોજના હેઠળ ૪૮ લાભાર્થી ૪,૭૪,૦૦૦ ની રકમની ચૂકવણી કરવામાં આવી હતી.

# ૧૦૮ના કર્મચારી મંડળના પ્રમુખ નરેન્દ્રભાઈ વાઘેલા ઉપર હુમલો

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય મજદૂર સંઘ ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ શ્રી દિપકભાઈ પંડ્યા અખબારી યાદીમાં જણાવે છે કે તા. ૧૩મી મે ના રોજ ૧૦૮ ના પ્રમુખ શ્રી નરેન્દ્રસિંહ વાઘેલાને ગડદાપાટુનો માર માર્યો હતો. ૧૦૮ ના મેનેજમેન્ટના અધિકારીઓ, શ્રમસાધના ભારતીય મજદૂર સંઘ ગીતામંદિર, અમદાવાદની કચેરીએ આવીને મારામારી કરેલ હતી. પોલીસને અગાઉથી જાણ કરવામાં આવેલ હોવા છતાં સલામતી આપવામાં આવી નથી. પોલીસનાં સહયોગથી અગાઉ પણ ખોટો કેસો કરેલ છે.

શ્રમખાતાનાં દબાણથી ૧૦૮ ના અધિકારીઓ સામે કોઈ પણ જાતના પગલાં ભરેલી નથી. જેથી તા. ૧૮ મી મેના રોજ જે.પી. ચોકમાં ધરણાં કાર્યક્રમ યોજેલ હતો. ૫૦૦ જેટલા ભાઈઓ-બહેનો હાજર રહીને આંદોલનને વેગ આપેલ હતો.

# સેકટર-૨૪માં વીજ પુરવઠાના ધાંધિયાથી વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૧૯

છેલ્લા કેટલાક દિવસથી ગરમી વધવાની સાથે જ વીજળી ગાયબ થવાના, ટ્રેપીંગ થવાના સેકટર- ૨૪ ડબલ ડેકરમાં વીજળી ગાયબ થવાની હદબહારની માઝા મુકાઈ છે.

છેલ્લા ૭ દિવસથી બે થી ત્રણ કલાક વીજળી બંધ થઈ જાય છે. ટોરેન્ટ કંપની તરફથી જા બિલ્લી મોભામોભની જેમ ઉડાઉ જવાબ આપવામાં આવે છે. ટોરેન્ટ પાવરના કર્મચારીઓ સેકટર-૨૪માં મેજર ફોલ્ટ પકડી શકતા નથી. આજે તો સવારથી ડબલ ડેકરમાં વીજળી બંધ થવાથી બાળકો, વૃદ્ધો ને બિમારો ત્રાહિમામ પોકાળી ઉઠ્યા હતા. શ્રી રાજુભાઈ પંચોલીએ ટોરેન્ટ કંપનીમાં રજૂઆત કરેલી હતી. પરંતુ ટોરેન્ટ કંપની સંતોષકારક કામ કરેલ નથી. તેમ વસાહતીઓનો તીવ્ર આક્રોશ હતો.

# ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના નવા વર્ષના હોદેદારોની સર્વાનુમતે વરણી પ્રમુખ પદે દિલીપ બ્રહ્મભટ્ટ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળના નવા વર્ષના હોદેદારોની





સર્વાનુ મતે બિન હરીફ વરણી કરવામાં આવેલ છે. શ્રી દિલીપભાઈ જે. બ્રહ્મભટ્ટ -પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. શ્રી ગૌતમભાઈ જે. વસુબંધુ મહામંત્રી પદે, શ્રી તુષારભાઈ એ. ત્રિવેદી ઉપ-પ્રમુખ, શ્રી વિજયસિંહ કે. વાઘેલા ઉપ- પ્રમુખ, શ્રી ભીમસિંહ આર. વાઘેલા સહમંત્રી, શ્રી ભુપેન્દ્ર એન. પટેલ સહમંત્રી, શ્રી રમેશભાઈ એન. પરમાર સંગઠન મંત્રી, શ્રી ઓમપ્રકાશ વી. કનોજી ખજાનચી, શ્રી પી.ડી. પ્રજાપતિ એડીટર, શ્રી કનુભાઈ જે. રાઠોડ. આ ઉપરાંત ૨૩ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી છે.

# પાટનાકુવા ગામે વ્યસન મુક્તિ માટે તુળજા ભવાની માતાના મંડળનું અભિયાન

ગાંધીનગર, તા. ૧૯

દહેગામ તાલુકાના પાટનાકુવા ગામે ૪૦૦ વર્ષ જૂનું તુળજા ભવાની માતાનું મંદિર ભક્તોની આસ્થાનું કેન્દ્ર સ્થાન ધરાવે છે. આ મંદિર આશરે ૪૦૦ વર્ષ પહેલાં સ્વયંભૂ બિરાજમાન હતા, તેવી લોકવાયકા છે. મંદિરમાં આમ તો અવારનવાર ભક્તો આવતાં જ હોય છે. પરંતુ અહીંયા પૂનમના દિવસે ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તો - શ્રધ્ધાળુઓ આવતા નજરે ચઢે છે.

આ મંદિરના શિખર આશરે ૩૫ ફૂટની ઊંચાઈ ઉપર ધર્મની ધજા ફરકે છે. અહીંયા આસોની નવરાત્રીમાં ભક્તોનો ભારે ધસારો રહેયો હોય છે.

આ મંદિરમાં ભક્તોની ઈચ્છાઓ પૂરી થાય છે. સાથે સાથે અહીંના મંડળ દ્વારા વ્યસન મુક્તિનો કાર્યક્રમ પણ ચલાવવામાં આ આવે છે. અને ગામના બાળકો પણ આ વ્યસન મુક્તિના કાર્યક્રમમાં જોડાયા છે.

આ પાટનાકુવામાં ધર્મ અને ભક્તિની સાથોસાથ વ્યસન મુક્તિનો કાર્યક્રમનું આયોજન ખરેખર આ તો ત્રણ તીર્થ સમાન બાબત જોવા મળતી હોય તેવી લાગણી જન્મી રહી છે.

# ગાંધીનગરમાં ધનિષ્ઠ રસીકરણ અઠવાડિયું ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જનરલ હોસ્પિટલ તરફથી તા. ૨૧મી મે થી તા. ૨૬મે સુધી ઘનિષ્ઠ રસીકરણ અઠવાડિયાની સિવિલ હોસ્પિટલમાં ઉજવવામાં આવશે. સદરહું અઠવાડિયામાં ૨ વર્ષ સુધીના બાળકોને, સગર્ભા માતાઓને કોઈપણ રસી આપવાની બાકી હોય તો નજીકના બુથ ઉપરથી રસીકરણ કરી શકાશે.

બી.સી.જી.ની રસી, ત્રિગુણીની રસી, પોલીયોની રસી, હીપોટાઈલની, ઓરીની, એમ.એન.આર, ધનુર, વગેરે રસી આપવામાં આવશે.

આ અંગે ડૉ. બી.બી. પટેલ સિવિલ સર્જન ગાંધીનગર, ડૉ. દેવાંગ શાહ સીનીયર મેડિકલ ઓફિસર, ડૉ. વી.વાસુકી મેડિકલ ઓફિસર, પી.પી. યુનિટ સમગ્ર રસીકરણ અઠવાડિયાની ઉજવણી માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

તા. ૨૧મે ના રોજ સેકટર- ૧૭, ૨૧, ૨૨, ૨૩, ૨૪,૨૮, ૨૯, ૩૦, ૮, પ્રેસ છાપરાં, ધોળાકુવા, આંગણવાડીમાં રસીકરણ કાર્યક્રમ યોજાશે.

તા. ૨૨ મેના રોજ સોમનાથ મહાદેવ- સેકટર-૧૬, સેકટર-૨-રંગમંચ તરૂણ મહારાજના ઘરે, સેકટર-૭ રણછોડજી મંદિર, સેકટર-૩ સાંઈબાબા મંદિર, સેકટર- ૨૪ ઈન્દિરાનગર, ચરેડી, સેકટર-૨૯ કાર્નર જુનુ ખોડીયાર મંદિર, સ્મશાન રોડ નાગદેવ મંદિર રોડ, સેકટર-૮ શોપિંગ સેન્ટર, જી.ઈ.બી., ગોકુલપુરા.

તા. ૨૩ મે સેકટર-૧૪ રેલ્વે સ્ટેશન, સેકટર- ૫ પ્રેરણા સ્કુલ, સેકટર-૪ ઉમિયા બાલવાડી, ઓમકાળેશ્વર મહાદેવ, સેકટર-૩ ન્યુ સરકારી દવાખાનું, સેકટર-૨૪ સાંઈબાબા છાપરા, સેકટર-૨૬ કિસાનનગર, સેકટર-૬ સંત રોહિતદાસ મંદિર, મીનાબજારના છાપરા, સેકટર-૭-એ સરકારી પ્રાથમિક શાળા,, બાસણા આંગણવાડી, ધોળાકુવા છાપરાં.

તા. ૨૪મે સેકટર-૧૩ છાપરાં, સરકારી હાઉસ, બોરીજ, સેકટર-૪-એ, હડમતિયા છાપરાં, પાલજ સરકારી દવાખાનું, સેકટર-૨૫ સૂર્યનારાયણ સોસાયટી, ભુપેન્દ્રભાઈ શર્માનું ઘર, બોરીજ પ્રાથમિકશાળા, સેકટર-૭ શિવશક્તિ મંદિર, બોરીજ જૈન દેરાસર, ઈન્દ્રોડા.

તા. ૨૫ મે, સેકટર-૧૩ના છાપરાં, સેકટર- ૧૯ સરકારી દવાખાનું, સેકટર-૨૫ જી. આઈ. ડી. સી., આદિવાડા, સેકટર-૧ ગાયત્રી મંદિર, બોરીજ-૨ અક્ષરધામ રોડ ઉપરના છાપરા, સેકટર-૧૩ વિસ્થાપિત છાપરાં આગણવાડી,

તા. ૨૬ મે, સેકટર-૯ સુવિધા કચેરી, સેકટર-૧૫ ફતેપુરા, ઈન્દ્રોડા-૨ આંગણવાડી સ્કૂલ પાસે, સેકટર-૧૩-૧ આંગણવાડી,સેકટર-૨૬ જી.આઈ.ડી.સી. જૂની વિડિયોકોન કું. સામે

# ભારતભરમાં પ્રથમ બળદોની હોસ્ટેલનું ૨૨મીએ ભૂમિપૂજન

ગાંધીનગર, તા. ૧૯

શ્રી પ્રાગદાસબાપા ગોદડીયાના આશિર્વાદ તેમજ પ્રેરણાથી અને અનંત અને હર્ષની ૨૨મી પૂણ્યતિથિ નિમિત્તે ભારતભરમાં પ્રથમ બળદોની હોસ્ટેલનું ખાત મુર્હત રાખેલ છે. તો સૌ જીવદયા પ્રેમીએ હાજર રહેવા આયોજકોએ અપીલ કરેલ છે.

અનંત હર્ષ હાઈસ્કૂલ પાસે, હારીજ જૂનામાંકા રોડ, જૂના માંકા, જિ. પાટણમાં તા. ૨૨મી મેના રોજ સાંજે ૬.૦૦ કલાકે ભૂમિ પૂજન રાખેલ છે. એન.પી.પટેલ વેસ્ટન એગ્રી સીડ્સ પરિવાર તથા ગોદડીયા પરિવાર તરફથી જણાવેલ છે.

# અમને ગુજરાતી હોવાનો ગર્વ છે

'અમને ગુજરાતી હોવાનો ગર્વ છે. માતૃભાષાનો પ્રેમ એ પ્રથમ પ્રેમ છે. આજની પેઢી ગુજરાતીમાં બે શબ્દો લખે એ જ ઘણું છે. એ માટે અમે પ્રયાસ કરીએ છીએ. ગુજરાતી ભાષા, સાહિત્ય, ગીતોને જીવંત રાખવાનો પ્રયાસ અમે કરીએ છીએ. શ્રેષ્ઠ અભિવ્યક્તિ માટે માતૃભાષાથી અદકેરું કોઈ માધ્યમ નથી.'

આ ભાવના છે 'ધબકાર' ગૃપની. ધબકાર ગૃપની સ્થાપના



તા. ૨-૧૧-૨૦૦૭ના રોજ કરવામાં આવી. વાત જાણે એમ બની કે નિવૃત્ત જિલ્લા રમતગમત અધિકારી જે કે ગઢિયાનાં પુત્રી સ્વાતિએ મિત્રો સાથે ચૅટીંગ કરતાં આજની પેઢીમાં આપણી માતૃભાષા ગુજરાતીમાંથી, ગુજરાતી ગીતોમાંથી, સાહિત્યમાંથી રસ ઓછો થઈ ગયો છે એ બાબતની ચિંતા વ્યક્ત કરી. મિત્રોએ પણ આ બાબતની ચિંતા વ્યક્ત કરી. પરસ્પર આ ચિંતાના ઉકેલ માટે કંઈક કરવાની વાત થઈ અને એમાંથી સંસ્થાનો ઉદય થયો, નામ અપાયું : ધબકાર - સૂર શબ્દનો સથવાર.

**સંબંધ સજાવે જિંદગી**

**હરતાં-ફરતાં સાવ અચાનક**

**- કુંતલ નિમાવત**

gsrelation@yahoo.com

સંસ્થાની શરૂઆત થઈ ત્યારે તો ૪-૫ વ્યક્તિઓ જ હતી, પરંતુ આજે માત્ર ગાંધીનગરમાં ધબકારના ૪૦ જેટલા સભ્યો છે. એ ઉપરાંત ગૃપનો વ્યાપ અમદાવાદ અને મુંબઈ સુધી પણ છે. અમદાવાદમાં શૈલ્ય શાહના નેતૃત્વમાં ૨૫૦ અને મુંબઈમાં ચેતન ફ્રેમવાલાના નેતૃત્વમાં ૩૫૦ જેટલા સભ્યો ધબકાર પાસે છે.

ગાંધીનગરમાં સ્વાતિ ગઢિયા અને કેદાર ઉપાધ્યાયના નેતૃત્વમાં દર મહિને એક વખત સ્વાતિબેનને ઘેર ધબકારની બેઠક મળે છે. જેમાં ગીત લેખકો, ગાયકો અને વાદકો પણ આવે છે. તબલાં, કી-બૉર્ડ, ઢોલક ને હાર્મોનિયમને સથવારે મહેફિલ જામે છે અને ગુજરાતી ગીતો, સાહિત્યનો માહોલ જામે છે. આ બેઠકમાં માત્ર ને માત્ર ગુજરાતી ભાષાની મહત્તા જ ગાવામાં આવે છે. આવી એક બેઠક ત્રણથી સાડાત્રણ કલાક ચાલે છે.

આ ઉપરાંત ધબકારના સભ્યોએ ગાંધીનગર, અમદાવાદમાં ૮ સ્ટેજ શો કર્યા છે, જેમાં ધબકારના સભ્યોને સ્ટેજ પુરું પાડવામાં આવ્યું હતું. ડૉ. દલપત પઢિયાર, દૉલતભાઈ ભટ્ટ, મહેન્દ્રભાઈ ત્રિવેદી, વસંતભાઈ ગઢવી, હરિકૃષ્ણ પાઠક, તુષાર શુક્લ જેવા ગુજરાતી પ્રેમીઓની હાજરીએ ધબકારના કાર્યક્રમોને પ્રતિષ્ઠા બક્ષી છે.

જાણવા જેવી વાત એ છે કે આ ગૃપમાં સભ્ય થવા માટે કોઈપણ જાતની ફી ભરવાની નથી. માત્ર ગુજરાતી ભાષા માટેનો પ્રેમ એ જ સભ્ય થવા માટેની પૂર્વ લાયકાત છે.

નવી પેઢી ગુજરાતી ભાષાની ચિંતા નથી કરતી એવું કોઈ માનતું હોય તો એ માન્યતા ધબકારે ખોટી પાડી છે. કારણ કે આ ગૃપમાં ૯૫ ટકા સભ્યો તો યુવા વર્ગના છે, જેમાં ડૉક્ટર, ઍન્જિનીયર અને ઍમબીએ થયેલા યુવા પણ ખરા.

ગાંધીનગરમાં ધબકારને સ્ટેજ આપવાની પહેલ સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ (સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ) દ્વારા કરવામાં આવી હતી. એ પછી ચાલુ વર્ષે સ્વ. જગજીતસિંઘની ગઝલોનો સુંદર કાર્યક્રમ પણ સંસ્કૃતિ સંસ્થાના બેનર તળે ગાંધીનગરમાં યોજાઈ ગયો.

ધબકાર દ્વારા આ જ અખબારમાં એક વર્ષ સુધી ધબકાર શીર્ષક હેઠળ ઈન્ટરનેટ દ્વારા ગુજરાતી માર્ગદર્શન, ગુજરાતી પદ્ય, ગુજરાત ગદ્ય વિભાગની રજૂઆત પણ કરવામાં આવી હતી.

ધબકારના આગામી સ્ટેજ કાર્યક્રમોમાં ગુજરાતી ફિલ્મી ગીતો તથા ગુજરાતી રંગભૂમિનાં ગીતો પ્રસ્તુત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

પોતાના યાદગાર પ્રસંગ વિશે જણાવતાં સ્વાતિબેન જણાવે છે કે 'એક કાર્યક્રમમાં પૂર્વ સાંસ્કૃતિક મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે મારી સાથે એક ગીત ગાયું હતું એ મારા જીવનની યાદગાર ઘટના છે.'

આ ઉપરાંત રાજ્ય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સદ્ભાવના કાર્યક્રમમાં માણસા ખાતે ધબકારના સભ્યોએ આખો દિવસ ગુજરાત ગૌરવ અભિવ્યક્ત કરતાં ગીતો, લોકગીતો રજૂ કરીને ખૂબ પ્રશત્તિ પ્રાપ્ત કરી હતી.

ધબકારની વિશેષતા અંગે જણાવતાં સ્વાતિબેન જણાવે છે કે, 'અમે ટૅકનોલૉજી સાથે ચાલીએ છીએ, કાગળો બગાડવા કરતાં ઍસઍમઍસ અને ઈન્ટરનેટથી વધુ સંપર્કમાં રહીએ છીએ.

અમને ગુજરાતી હોવાનો ગર્વ છે, જે કોઈને પણ ગુજરાતી હોવાનો ગર્વ હોય ને ગુજરાતી ભાષાના જતન, સંવર્ધન માટે કંઈક કરવા માંગતા હોય તે વ્યક્તિ ધબકારમાં જોડાઈ શકે છે. આ માટે મોબાઈલ નંબર ૯૪૨૮૦ ૫૦૫૮૪, ૯૮૭૯૪ ૭૧૧૪૭ કે swati9170@gmail.com દ્વારા સંસ્થાનો સંપર્ક કરી શકાય છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૪૦.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસફુલ- ૨ : ૧૦.૦૦
ઈશકઝાદ : ૧.૦૦, ૩.૪૫, ૧૦.૧૫
છોટા ભીમ : ૬.૩૦, ૮.૧૫
જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** છોટા ભીમ : ૧૦.૦૦
જન્નત ૨ : ૧૨.૦૦, ૧૦.૧૫
વીકી ડોનર : ૨.૩૦
હાઉસફુલ- ૨ : ૪.૪૫
ઈશકઝાદે : ૭.૪૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
છોટા ભીમ : ૧.૧૫, ૫.૪૫ - ધ એવેન્જર (હિન્દી) : ૩.૦૦

**સ્ક્રીન-૨ :** ડિપાર્ટમેન્ટ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :** જન્નત -૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૦૦
ડિપાર્ટમેન્ટ : ૪.૩૦ - ડેનજર્સ ઈશ્ક ૨ડી : ૭.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

મર મીટેંગે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાચુ સુખ ગુજરાતનું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- લોક અધિકાર સેના, ગાંધીનગર દ્વારા બપોરે ૧૨.૩૦ કલાકે સામાજિક કાર્યક્રમ

### ટાઉન હોલ

- સવારે ૯.૦૦ કલાકે સથવારા કડીયા સમાજ દ્વારા સામાજિક કાર્યક્રમ
- રાત્રે ૯.૩૦ કલાકે સૌરાષ્ટ- કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગોલ્ડન વોઈસ ઓફ મુકેશ ફેઈમ મુખ્તાર શાહ નાઈટ શો નો કાર્યક્રમ.

### સામાજિક

- રાત્રે ૯.૦૦ કલાકે, કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગ્રીષ્મોત્સ' અન્વયે ઈન્ફોસીટી કલબ રીસોર્ટ ખાતે સુપ્રસિદ્ધ પ્લેબેક સિંગર કવિતા કૃષ્ણમૂર્તિ શાસ્ત્રીય રાગો આધારિત કાર્યક્રમ રજૂ કરશે.

### ધાર્મિક

- સેકટર-૨માં આવેલ બાલા હનુમાન મંદિર ખાતે શનિશ્ચર જયંતિ ઉજવવામાં આવશે. તથા રાત્રે ૭.૩૦ કલાકે સુંદરકાંડ પાઠ.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** રાજકારણીય કાર્યમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નિકટ સંબંધીઓની ઉન્નતિથી મન પ્રસન્ન રહેશે. નોકરીમાં ઈચ્છિત સ્થાનાંતરણ મળી શકે છે.

**વૃષભ :** તમે તમારી તીણી વિવેક બુદ્ધિ અને સાચા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સમ્માન પ્રાપ્ત કરી શકશો. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન કરવી. સાહિત્ય પઠન અને સૃજનમાં રૂચી વધશે.

**મિથુન :** મકાન સંબંધી સમસ્યાનો ઉકેલ આવી શકે છે. આજીવિકામાં લાભકારી પરિવર્તન થઈ શકશે. ખાનપાનનું ધ્યાન રાખવું.. વ્યાપારમાં નવા કરારો પર કાર્ય પ્રારંભ થઈ શકશે.

**કર્ક :** કાર્યમાં મિત્રો, સંબંધીઓનો સહયોગ મળશે. પ્રતિષ્ઠત વ્યક્તિઓથી સંપર્ક બનશે, જે તમને પ્રગતિ પ્રદાન કરવામાં સહાયક બની શકે છે. પોતાના દિનચર્યા વ્યવસ્થિત રાખવી.

**સિંહ :** ઋતુઅનુસાર ખાનપાન કરવુંહિતાવહ રહેશે. કુંટુંબીજનોના આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું. વ્યાપારમાં ભાગીદારીથી લાભ.

**કન્યા :** શત્રુઓ પર વિજય પ્રાપ્ત થઈ શકશે. જે તમને યશ અને સમ્માન આપાવશે. વિપરીત પરિસ્થિતિમાં પણ તમે પૂર્ણ સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બને છે.

**તુલા :** આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રી ગણેશ થશે.

**વૃશ્ચિક :** કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન :** જીવનમાં સ્થાયિત્વનો બોધ થશે. ધર્મ તરફવલણ વધશે. જીવનસાથીથી મતભેદ ન થાય તેની કાળજી રાખવી. રાજકીયક્ષેત્રે સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર :** આવકના સ્ત્રોતમાં પ્રગતિની તકને કારણે આર્થિક રોકાણ વધશે. પરિજનોનો અનુકૂળ સ્વભાવ તમને પ્રસન્નતા પ્રદાન કરશે. લાભકારી પ્રેરણાઓ મળશે.

**કુંભ :** નવા કાર્યમાં વધારે રૂચિને કારણે પાછલા કાર્યમાં અડચણો આવી શકે છે. ધૈર્ય અને સહનશીલતા રાખવી. સંતાનના વ્યવહારથી કષ્ટ થઈ શકે છે.

**મીન :** પરિસ્થિતિઓથી સમજૂતી કરવું જરૂરી છે. ભાગ્યથી વધારે કર્મ પર વિશ્વાસ કરી કાર્ય કરો. સાહસ અને પરાક્રમથી કાર્યમાં સફળતા મળવાનો યોગ છે.

## ચિરવિદાય

- સ્વ. વિમળાબેન કનુભાઈ જયસ્વાલ(ઉ.વ.૬૭)મુ.પો. કુડાસણ, તા.,જિ. ગાંધીનગર
- સ્વ. નટવરલાલ અમૃતલાલ હીંગુ(ઉ.વ.૫૮)પ્લોટ નં. ૨૩૦/૧, આમ્રકુંજ, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. ગોપાલસિંઘ શીવસિંઘ અસ્વાલ(ઉ.વ.૭૮)૩૧૧/૪, 'ચ' ટાઈપ, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. ખોચલીબેન મુળજીભાઈ શ્રીમાળી (ઉ.વ.૧૦૦) મુ.પો. ઈન્દ્રોડા, તા.,જિ. ગાંધીનગર
- સ્વ. સીતાબેન પ્રહલાદભાઈ ઠાકર(ઉ.વ.૫૩)મુ.પો. વડાસ્વામી, તા. કલોલ, જિ. ગાંધીનગર